



તીર્થક્ષેત્ર શ્રી નૈનાગિરી સ્થિત જલમંદિર



श्री दिगंबर जैन समवसरण मंदिर, नैनागिरि

# નૈનાગિરિ/રેસન્દીગિરિ નિર્વાણક્ષેત્ર



નૈનાગિરિ : પર્વત પરના જિનાલયોનું ભવ્ય દ્રશ્ય

- **આવાગમન..................:** રેલ્વે સ્ટેશન : સાગર - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન : દલપતપુર - ૧૩ કિ.મી.,
  કટની - દમોહથી - ૨૬ કિ.મી.
- **પહોંચવાનો સરળ માર્ગ ... :** સાગર, ટીકમગઢ, છતરપુરથી સડક રસ્તે
  સાગર-કાનપુર નેશનલ હાઈવે નં. ૮૬ ઉપર
- **નજીકના મુખ્ય શહેર ...... :** દલપતપુર - ૧૩ કિ.મી., બંડા - ૨૬ કિ.મી.,
  બક્સવાહા - ૨૬ કિ.મી., શાહગઢ - ૪૦ કિ.મી.
- **નજીકના તીર્થક્ષેત્રો ......... :** દ્રોણગિરિ - ૯૦ કિ.મી., પપૌરાજી - ૯૫ કિ.મી.,
  અહારજી - ૧૧૫ કિ.મી., કુંડલપુર - ૧૧૮ કિ.મી.,
  ખજુરાહો - ૧૬૮ કિ.મી., મંગલગિરિ - ૫૫ કિ.મી.

બુન્દેલખંડમાં નૈનાગિરિ, દ્રોણગિરિ, સોનાગિરિ, અહારજી, પપૌરાજી, દેવગઢ, થુબૌનજી, ચંદેરી, ખન્દારગિરિ, કુંડલપુર, ખજુરાહો, બજરંગગઢ, બીનારહા, પજનારી, વિગેરે પવિત્ર અને પ્રસિદ્ધ તીર્થક્ષેત્રો આવેલા છે. તેથી બુન્દેલખંડનો કણ-કણ પવિત્ર છે. બુન્દેલખંડમાં નવમી શતાબ્દીની શરૂઆતમાં રાજા નતુફાના ગઢ ઉપરથી નનિકાગઢ અથવા નૈનાગઢ ગામ હતુ - તેમ શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. પૌરાણિક કાળમાં ધાર્મિક ગ્રંથોમાં નૈનાગિરિનો રેસન્દીગિરિ નામથી પણ ઉલ્લેખ છે. જે આજે પણ પ્રસિદ્ધ છે. તેમજ વર્તમાનમાં નૈનાગિરિ પણ કહે છે, જે જૂનું નામ નનિકાગઢ અથવા નૈનાગઢના આધારે પ્રચલિત છે. નૈનાગિરિ સિદ્ધક્ષેત્ર પ્રસિદ્ધ જૈન તીર્થ છે. ઈતિહાસની દષ્ટિએ આ ક્ષેત્રનું ઘણું મહત્ત્વ છે. નિર્વાણકાંડની ગાથાના આધારે આ ક્ષેત્ર પ્રાચીન હોવાનું નક્કી થાય છે. ગાથા છે કે -

" સમવસરણ શ્રી પાર્શ્વ જિણંદ, રેસન્દીગિરિ નયનાનંદ
વરદત્તાદી પંચ ઋષીરાજ, તે વંદો નિત ધરમ જિહાજ ।। "

રેસન્દીગિરિ ઉપર ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ આવ્યું હતું. શ્રી પાર્શ્વનાથ ભગવાનને નિર્વાણ પામ્યાને લગભગ ૨૭૭૦ વર્ષ થયા. કેમ કે શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્રી મહાવીર પ્રભુથી ૨૫૦ વર્ષ પહેલા થયા હતા. આ રીતે રેસન્દીગિરિને આપણે ૩૦૦૦ વર્ષ જૂનું ક્ષેત્ર માની શકીએ. કારણ કે નિર્વાણકાંડની ગાથા ઉપરથી પણ આમ જ નક્કી થાય છે.

આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલા ખમ્હોરી નિવાસી શ્રી શ્યામલેલાલ ચૌધરીને એક રાત્રે સ્વપ્ન આવેલ કે રેસન્દીગિરિમાં ખોદકામ કરો તો ત્યાંથી પ્રાચીન જિનમંદિર નીકળશે. તો તે મુજબ ત્યાં ખોદકામ કરાવતા જમીનમાંથી એક ભવ્ય પ્રાચીન જિનમંદિર સુરક્ષિત નીકળ્યુ. તેમજ દેવગઢ અને ખજુરાહોની મૂર્તિની કળા જેવી જ અનેક મૂર્તિઓ અહીંથી ખોદકામમાં પ્રાપ્ત થઈ. પહાડ ઉપરના મંદિરોમાં મંદિર નં. ૧૧ સૌથી પ્રાચીન માનવામાં આવે છે. એક શિલાલેખ મળેલ છે તે મુજબ આ મંદિરની સ્થાપના વિ. સં. ૧૧૦૬ના ચૈત્ર માસમાં શ્રી પરશોતમદાસ શ્રેષ્ઠી દ્વારા થઈ છે. તે સિવાય બીજા શિલાલેખ મંદિર નં. ૨૬ ની દિવાલ ઉપર લગાવેલ છે. થોડા વર્ષ પહેલા પહાડ ઉપર ખોદકામ કરતા ચન્દેલ કાળના સમયના શીલ્પકળાવાળા પથ્થરો અને માટીના વાસણો પ્રાપ્ત થયા હતા. તેથી નક્કી થાય છે કે ભૂતકાળમાં આ મોટું શહેર હોઈ શકે. કારણ કે આ પર્વતની પાછળ લગભગ ૨૦૦ એકર જમીનમાં મોટા શહેરની દિવાલોના અવશેષો આજે પણ નજરે પડે છે તથા પુરાણા કુવા પણ જોવા મળે છે.

નૈનાગિરિમાં દર વર્ષે આસો સુદ-૧૩ થી આસો સુદ-૧૫ સુધી મોટો મેળો ભરાય છે, જેમાં સાગર, દમોહ તથા છત્તરપુર જિલ્લાના લોકો એકઠા થાય છે. તેમજ તે સમયે ભારતભરમાંથી બીજા અનેક યાત્રાળુઓ દર્શન-પૂજા માટે આવે છે.

નૈનાગિરિમાં લગભગ તા. ૨૯/૧૦/૯૭ પહેલા ખોદકામ કરતા ૪ ફીટના એક ખડ્ગાસન પ્રતિમાજી અને પદ્માવતી દેવીની મૂર્તિ નીકળ્યા હતા. લગભગ ૨૭૭૦ વર્ષ પહેલા જ્યારે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ અહીં આવ્યુ હતુ, ત્યારે ભગવાનની દિવ્યધ્વનિ છૂટી હતી. તે વખતે વરદત્ત, ગુણદત્ત, મુનિન્દ્રદત્ત તથા છન્દદત્ત મુનિઓને તેમની ધ્વનિ સાંભળીને અહીં જ કેવળજ્ઞાન થયું હતુ અને અહીંથી જ મુક્તિ પામ્યા હતા. તેથી આ ભૂમિને નિર્વાણક્ષેત્ર કહે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ અહીંથી શ્રી સમ્મેદશિખરજી ગયું હતું. અહીં ખોદકામ કરતા એક શિલાલેખ નીકળેલ છે, જે અહીં દિવાલ ઉપર આજે પણ લગાવેલ છે. આ શિલાલેખના અક્ષરો આજે પણ ઘણા ચોખ્ખા છે. પણ ભાષા સમજાતી નથી.

**ધર્મશાળા :-** અહીં કુલ ત્રણ ધર્મશાળા છે. તેમાં એક ધર્મશાળા નવી છે. જેમાં ૪૦ રૂમો પંખા, પલંગ, લાઈટની સગવડતાવાળી છે. અહીં ગામમાં કાંઈ જ મળતુ નથી. પૂજારીને ઓર્ડર આપો, તો ચા-દૂધ કરી આપે છે.

પહાડ ઉપર કુલ ૩૯ મંદિરો છે. પહાડ એટલે તદ્દન નાનકડી ટેકરી જેવું છે. તે પહાડ ઉપર મંદિર નં. ૧ થી નં. ૩૯ સુધી મંદિરો છે. ઉપર ચઢયા પછી બધા જ મંદિરો સમતલ ભૂમિ ઉપર જ છે. તેથી પહાડ ઉપર ઉંચે-નીચે ચઢવું- ઊતરવું પડે તેવુ નથી. બધા મંદિરોના ફક્ત દર્શન કરતા ૧॥ કલાક થાય છે. તે સિવાય તળેટીમાં મંદિર નં. ૪૦ થી ૫૩ સુધી છે.

**પહાડ ઉપરના મંદિરોનું વર્ણન:-**

મંદિર નં. ૧ : શ્રી ઋષભદેવ ભગવાનનું જલમંદિર છે.

મંદિર નં. ૨ : શ્રી સમવસરણજી મંદિરની રચના ઘણી જ આકર્ષક અને ભવ્ય છે. આપણા મુમુક્ષુઓના ઘણા ગામમાં શ્રી સમવસરણજીની બધી જ સભાઓ સમતલ એટલે કે એક જ લેવલમાં હોય છે. જ્યારે અહીં બધી જ સભાઓ પિઠીકાની જેમ સ્ટેપ-બાય-સ્ટેપ તેમ ઊંચી છે. પહેલી સભાથી બીજી સભા ઊંચી, તેનાથી ત્રીજી સભા ઊંચી - તેમ છે. શબ્દોમાં લખી શકાતું નથી, પણ નજરે જોતા જરૂર ખ્યાલ આવે તેમ છે. આ રીતે બાર સભા પૂરી થયા પછી વચ્ચે પણ ત્રણ ઊંચી પિઠીકા આવે છે. તેની ઉપર ૫ ફીટના ચૌમુખી ભગવાન શ્રી પાર્શ્વનાથજી ભવ્ય લાગે છે. આપણે ત્યાં બધા સમવસરણજીમાં ચૌમુખી ભગવાન ફકત ૧ થી ૧॥ ફીટ સુધીના જ હોય છે. જ્યારે અહીં ચૌમુખી ભગવાન ૫ ફીટના છે. તે કેવા ભવ્ય લાગતા હશે અને તે સમવસરણજીની કેવી શોભા હશે તે તો નજરે જુઓ ત્યારે જ ખ્યાલ આવે. ચાર દિશાના ચાર માનસ્થંભજી પણ મોટા અને સુશોભિત છે. આ સમવસરણજી ઘણા મોટા હોલમાં છે અને તેમાં દિવાલ ઉપર ખૂબ જ મોટા ધાર્મિક-ઐતિહાસિક સુંદર ચિત્રપટો મૂકેલા છે. તેની વિગત આ મુજબ છે :-

ચિત્રપટ નં. ૧ : મુકતાગિરિ

ચિત્રપટ નં. ૨ : પાવાગિરિ

ચિત્રપટ નં. ૩ : માંગીતુંગી

ચિત્રપટ નં. ૪ : બડવાની

ચિત્રપટ નં. ૫ : ચંપાપુરી

ચિત્રપટ નં. ૬ : ખન્દારગિરિ

ચિત્રપટ નં. ૭ : તારંગાજી

ચિત્રપટ નં. ૮ : સિદ્ધવરકુટ

ચિત્રપટ નં. ૯ : મથુરા ચોરાસી

ચિત્રપટ નં.૧૦ : દ્રોણગિરિ

ચિત્રપટ નં.૧૧ : કુંડલગિરિ

ચિત્રપટ નં.૧૨ : નૈનાગિરિ

ચિત્રપટ નં.૧૩ : સોનાગિરિ

મંદિર નં. ૩ : મેડી ઉપર પહેલે માળે શ્રી પાર્શ્વ પ્રભુ ૧। ફીટના વીર સંવત ૨૪૬૫ મહા વદ-૧૦ના છે.

મંદિર નં. ૪ : શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૫ : શ્રી ચન્દ્ર પ્રભુ બદામી આરસના ૧। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૬ : શ્રી અજીતનાથ પ્રભુ શ્યામ ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૭ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૧। ફીટના સં. ૧૮૫૮ ફાગણ સુદ-૮ના છે.

મંદિર નં. ૪ થી ૭ સુધીના મંદિરો તદ્દન પાસે-પાસે નાની-નાની દેરીઓમાં છે.

મંદિર નં. ૮ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૫ ફીટના પદ્માસન સં. ૧૮૪૮ માહ માસના છે. નીચે બે પગલાં છે.

મંદિર નં. ૯ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન ૦।। ફૂટના છે.

મંદિર નં. ૧૦ : નાનકડો માનસ્થંભ છે, જેમાં ચૌમુખી ભગવાન નથી. એક જ બાજુ ભગવાન છે.

મંદિર નં. ૧૧ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧। ફીટના પદ્માસન છે. તે સિવાય ખોદકામમાં પ્રાપ્ત થયેલી અન્ય મૂર્તિઓ પણ આ મંદિરમાં છે. આ મંદિરમાં એક શિલાલેખ છે, જે આ મંદિરની પ્રાચીનતા બતાવે છે અને તેમાં પ્રતિષ્ઠા સં. ૧૧૦૯ બતાવેલ છે.

મંદિર નં. ૧૨ : ચરણકમળ છે.

મંદિર નં. ૧૩ : શ્રી અભિનંદનનાથ શ્યામ વર્ણના ૨।। ફીટના પદ્માસન છે. વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ-૬ વિ. સં. ૨૦૦૮.

મંદિર નં. ૧૪ : શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૧૫ : શ્રી ઋષભદેવ ભગવાન છે.

મંદિર નં. ૧૬ : ચરણકમળ છે.

મંદિર નં. ૧૭ : શ્રી અજીતનાથ પ્રભુ પદ્માસન શ્યામ ૦।।। ફૂટના છે.

મંદિર નં. ૧૮ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૦।।। ફૂટના છે.

મંદિર નં. ૧૯ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટ સં. ૧૮૪૪ના છે.

મંદિર નં. ૨૦ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૧ : શ્રી ચન્દ્ર પ્રભુ સફેદ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૨ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૩ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૪ : શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧।। ફીટના છે.

મંદિર નં. ૨૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૧। ફીટના છે.

મંદિર નં. ૨૬ : શ્રી ચન્દ્ર પ્રભુ શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૭ : શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૮ : શ્રી શાંતિનાથજી સફેદ પદ્માસન ૩ ફીટના છે.

મંદિર નં. ૨૯ : શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૩૦ : શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૩૧ : શ્રી વાસુપૂજ્ય ભગવાન પદ્માસન સફેદ ૧।। ફીટના છે.

મંદિર નં. ૩૨ : શ્રી મુનિસુવ્રતનાથ સફેદ પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૩૩ : સોનેરી રંગબેરંગી વેદી ઉપર શ્રી મુનિસુવ્રતનાથ પ્રભુ શ્યામ વર્ણના છે.

મંદિર નં. ૩૪ : આ મંદિરનો ઈતિહાસ અગત્યનો છે. બધી માહિતી ત્યાંના પૂજારી કોમલચંદજી પાસેથી મેળવેલ છે. શ્રી મહાવીર પ્રભુ શ્યામ પદ્માસન ૨ ફીટના છે. બંને બાજુ ૦।।।-૦।।। ફૂટના બે પ્રતિમાજી છે. આ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુને દરરોજ સવારે ૮:૦૦ થી ૮:૩૦ વાગ્યા સુધીમાં પૂજારી અભિષેક કરે છે. ત્યારબાદ અંગલુછણાથી પ્રતિમાજીને કોરા કરે, ત્યારે દૂર દૂર વીણા-વાજીંત્ર વાગતુ હોય તેવો અવાજ સંભળાય છે. અમે યાત્રામાં જે ૧૩ વ્યક્તિઓ હતા, તે બધાએ આ અવાજ સાંભળેલ હતો. બીજી વખત અમે યાત્રામાં બે બસમાં ૧૦૦ વ્યક્તિઓ ગયા હતા, ત્યારે અમુક વ્યક્તિએ આ અવાજ સાંભળ્યો હતો. જ્યારે કોઈ કોઈ ના કહે છે. એકદમ શાંતિ રાખવી જોઈએ (પીન ડ્રોપ

સાયલન્સ). પૂજારી કહે છે કે અગાઉના જમાનામાં તો આ અવાજ ૧ થી ૧॥ કિ.મી. દૂર સુધી સ્પષ્ટ સંભળાતો હતો. પરંતુ, ધીમે-ધીમે લોકો ગમે ત્યારે - સવાર-બપોર-સાંજે આવીને પરિક્ષા કરતા હતા. કોઈ વખત તો બ્હેનોએ અભિષેક કરી અવાજ સાંભળવા પ્રયત્નો કર્યા. ત્યારથી ધીમે-ધીમે આ અવાજ આટલે દૂર સુધી સંભળાતો બંધ થયો છે. આ રીતે સત્ ઘટી જવાથી અવાજ સાવ ધીમો આવે છે. આ પ્રતિમાજીનું આ અતિશય ગણાય છે.

મંદિર નં. ૩૫ : શ્રી મલ્લિનાથ પ્રભુ શ્યામ આરસના ૨ ફીટના છે.

મંદિર નં. ૩૬ : આ મંદિરમાં પ્રાચીન ખંડિત ૧૫-૧૬ મૂર્તિઓ છે. કહેવાય છે કે ખમ્હોરીના શ્રી શ્યામલેલાલ ચૌધરીને ૨૦૦ વર્ષ પહેલા રાત્રે સ્વપ્ન આવેલ કે આ જગ્યાએ ખોદકામ કરો, તો ઘણા પ્રતિમાજી અહીંથી નીકળશે. તો તે મુજબ સમાજે અહીં ખોદકામ કરાવ્યું, તો ૧૩ પ્રતિમાજી જમીનમાંથી નીકળ્યા હતા, જેમાં ૩ ખંડિત હતા. આ સમયથી આ ક્ષેત્ર તીર્થ થયું છે.

મંદિર નં. ૩૭ : શ્રી શાંતિનાથ ભગવાન બદામી ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૩૮ : શ્રી શાંતિનાથ ભગવાન બદામી ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૩૯ : આ નવું મંદિર ખૂબ જ મોટું બનાવેલ છે, જે ખરેખર અવશ્ય દર્શન-પૂજા કરવાલાયક છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની શાસ્ત્રના પાઠ મુજબ બદામી આરસની ૯ હાથ ઉતંગ એટલે કે ૧૩॥ ફીટ ઊંચાઈની ખડ્ગાસન ફેણ વગરની પ્રતિમા ચોથા કાળના માપ મુજબ જ બનાવીને ૪૪ વર્ષ પહેલા પ્રતિષ્ઠિત કરી છે. જ્યારે પાર્શ્વકુમાર મુનિ દશામાં હતા, ત્યારે તેમની ઉપર ઉપસર્ગ આવેલ. ત્યારે માથે ફેણ હતી. પરંતુ, તે જ્યારે સિદ્ધ ભગવાન થયા હોય, ત્યારે મસ્તક ઉપર ફેણ ન હોય. આપણે સિદ્ધ થયેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરીએ છીએ, ત્યારે મસ્તક ઉપર ફેણ ન રાખવી જોઈએ. તેથી અહીં ભગવાનનો જે વર્ણ હતો તે વર્ણના બદામી ૧૩ ફીટ એટલે કે ૯ હાથના મસ્તક ઉપર ફેણ વગરના શાસ્ત્રોક્ત નિયમ મુજબ સ્થાપિત કર્યા છે. આ પ્રતિમાજીની બંને બાજુ મોટા-મોટા અરીસા મૂકેલા છે કે જેથી તેમાં પડતા પ્રતિબિંબથી અનેક ભગવાન હારબંધ દેખાય છે. નિજમંદિરની બહાર ડાબી તથા જમણી તરફ બે દેરીમાં ૩-૩ ફીટના પદ્માસન બે જિનબિંબો છે. ફરતા બંને બાજુ થઈને ૨૪ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ છે. બંને તરફ ૧૨-૧૨ પ્રતિમાજી છે. બધા જ ભગવાન પદ્માસન ૨ ફીટના છે. બાજુમાં વચ્ચે વરદત્ત મુનિની સફેદ આરસની ખડ્ગાસન મૂર્તિ છે. તેમની ડાબી બાજુ મુનિ સાયરદત્તની સફેદ મૂર્તિ છે અને તેમની બાજુમાં ઈન્દ્રદત્ત

મુનિની ખડ્ગાસન ૩ ફીટની મૂર્તિ છે. વરદત્તની મૂર્તિની જમણી તરફ ગુણદત્ત મુનિની ખડ્ગાસન ૩ ફીટની મૂર્તિ છે. એક જ વેદી ઉપર પાંચેય મુનિવરોની મૂર્તિ એક સાથે સ્થાપિત કરેલ છે, જે દર્શનીય છે. કારણ કે પાંચેય મુનિવરો અહીંથી જ મુક્તિ પામ્યા હતા. ઉપર જણાવેલ શ્રી પાર્શ્વનાથ ભગવાન ૧૩॥ ફીટ ઊંચા હોવા છતાંય તેમને દરરોજ અભિષેક થાય છે. તે માટે બંને બાજુ સીડીની વ્યવસ્થા કરેલી છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પાછળ ઈન્દ્રો ચામર ઢોળે છે અને દેવો વાજીંત્રો વગાડે છે - તે દશ્ય આરસમાં કોતરેલુ છે.

આ રીતે પહાડ ઉપર કુલ ૩૯ મંદિરો ઈ.સં. ૧૦૪૨ થી ઈ.સં. ૧૧૦૯ના છે. પહાડ ઉપરના ૩૯ મંદિરોના દર્શન કરતા ૧॥ કલાક સહેજે થાય છે.

પર્વતરાજની દક્ષિણમાં લગભગ ૨ કિ.મી. દૂર એક અકૃત્રિમ સુંદર વિશાલ સિદ્ધશિલા છે. ઈતિહાસ કહે છે કે ઉપર લખેલ વરદત્તાદિ પાંચ ઋષીરાજોની આ તપોભૂમિ હતી. નૈનાગિરિને રેસન્દીગિરિ અથવા નયનાગિરિ પણ કહે છે.

તળેટીમાં મંદિર નં. ૪૦ થી ૫૩ સુધી મંદિરો છે.

મંદિર નં. ૪૦ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૫ ફીટના છે.

મંદિર નં. ૪૧ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૧। ફીટના છે. બંને બાજુ બે નાના પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન બદામી ૧॥। ફીટના છે. બંને બાજુ ૦॥।-૦॥। ફૂટની બે મૂર્તિ છે. સર્પ નીચેથી ઉપર ચડે છે તે દશ્ય છે.

મંદિર નં. ૪૩ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૧॥ ફીટના છે. બંને બાજુ બબ્બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૪ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન સફેદ ૧॥ ફીટના છે.

મંદિર નં. ૪૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ ૧ ફૂટના છે. બંને બાજુ ૧-૧ ફૂટની બે મૂર્તિ છે.

મંદિર નં. ૪૬ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ સફેદ ૧॥ ફીટના છે. બંને બાજુ ૦॥।-૦॥। ફૂટની બે મૂર્તિ છે.

મંદિર નં. ૪૭ : શ્રી ચન્દ્ર પ્રભુ સફેદ પદ્માસન ૨ ફીટના છે. બાજુમાં શ્રી ચન્દ્ર પ્રભુજીના ૧ ફૂટના તથા બીજી બાજુ શ્રી નેમિનાથ પ્રભુના સફેદ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૮ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૨ ફીટના છે. તે સિવાય પંચધાતુના ઘણા જ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૯ : શ્રી નેમિનાથ પ્રભુ છે તથા પંચધાતુના ૧૦ પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૦ : શ્રી નેમિનાથ પ્રભુ સફેદ ૨ ફીટના છે. બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ૨ ફીટના છે.

મંદિર નં. ૫૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૧ ફૂટના છે. બંને બાજુ ૦॥।-૦॥। ફૂટના બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના છે. બંને બાજુ સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૩ : સોનેરી રંગબેરંગી વેદી ઉપર શ્રી નેમિનાથ પ્રભુ ૨ ફીટના પદ્માસન છે.

આ રીતે તળેટીમાં નં.૪૦ થી ૫૩ સુધીના મંદિરો છે. અહીં તળેટીમાં એક જલમંદિર છે, જે જોતાં પાવાપુરીનું જલમંદિર જરૂર યાદ આવે તેવું છે. સુંદર પાકા પુલ ઉપર ચાલીને જિનમંદિરમાં દર્શન કરવા જઈ શકાય છે. જલમંદિરનું તળાવ કમળોથી શોભી રહ્યું છે. તેથી આ જલમંદિર જોતાં શ્રી મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ પાવાપુરી જરૂર યાદ આવે તેવું જ છે. આચાર્ય શ્રી વિદ્યાસાગરજીની પ્રેરણાથી અહીં સન ૧૯૭૮માં એક મોટો પ્રવચન હોલ ૧૦૮×૪૦ નો કરાવેલ છે, જેમાં તેઓશ્રીના પ્રવચનો રાખવામાં આવે છે.

અરે ! આવી સત્યની વાત હતી જ ક્યાં ? જેને આ સત્ય વાત પણ સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતા-સાંભળતા સત્યનાં સંસ્કાર નાંખે છે. તેને સંસ્કાર નાંખતા અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર-પાંચ કલાક આનું આ સાંભળ્યુ-વાંચ્યુ હોય તેને શુભભાવો એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય. કોઈ જુગળીયા થાય. કોઈ મહા વિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળ્યુ પણ નથી તે મરીને ઢોરમાં જશે. અરે ! આવા મનુષ્યનાં મોંઘા અવતાર માંડ-માંડ મળે અને પોતાનું હિત ન કરે તો ક્યારે કરશે ? ખરેખર તો દરરોજ ચાર-પાંચ કલાક સત્યનું વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલે ને વેપાર-ધંધા કરતા હોય તો પણ આટલો વખત - ચાર-પાંચ કલાકનો તો પોતાને માટે અવશ્ય કાઢવો જ જોઈએ. અહીંનાં સાંભળનારા ઘણા તો રૂચિથી આ સંસ્કાર નાંખે છે. તેને ઝાઝા ભવ હોય નહીં. ધારણાજ્ઞાન થઈ જાય તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રૂચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનનાં સંસ્કાર ઊંડાણથી નાંખવા જોઈએ. એટલે કે એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો ! આ વાત ખરેખર કોઈ અપૂર્વ ચીજ છે. એમ પોતાને અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રૂચિવાળો જીવ તો આગળ વધતો જ જાય છે.

- પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી